

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

079-23226251

## સલામી સવારની..

*(રજત જયંતી વર્ષ)*

*ફોડેલા સભ્યોથી 'સુશાસન' પ્રજા - એપ્રિલફૂલ!*
*'સ્વાતંત્ર્યે' મલકે મુખત્યારી, પ્રજા - એપ્રિલફૂલ!*
*'સસ્તાઈ' થી ધોયા છે હાથ, સુખ છે દો ગજ દૂર -*
*ફાયદા માટે થાય કાયદા, પ્રજા - એપ્રિલફૂલ!!*
*(આપણી રોજ પહેલી એપ્રિલ)*

હાઈકુ

*બનાવે રોજ!*
*પ્રજાને સરકાર -*
*એપ્રિલ ફૂલ!!*

*હસી કાઢજો!*
*દુ:ખમાં પણ, થજો -*
*એપ્રિલ ફૂલ!!*

## ચિંતન

**યઃ કાર્યં ન પશ્યતિ સોઽન્ધઃ ।**

ઉપરોક્ત શ્લોક ચાણક્યમેંટમાંથી લેવામાં આવેલ છે.

જે કાર્યને નથી જોતો તે આંધળો છે. જે મનુષ્ય આ નથી જાણતો કે ક્યારે શું કરવું જોઈએ? તેને તો આંખ હોવા છતાં પણ આંધળો જ કહી શકાય. સાચા સમયની ઓળખ કરીને કામ કરવું. સફળતાથી બાંયધરી છે અને જે લોકો એવું નથી કરતા તેમને ચાણક્ય આંધળા કહે છે.

સાચા સમયની ઓળખ કરવાની ક્ષમતાનું પાટિયું ઘણું મોટું છે. તેને સમજવું જરૂરી છે. ભયાનક પરિસ્થિતિઓને ઓળખી લેવી અને જરૂરિયાત મુજબ સમય વેડફ્યા વગર આગળ વધવું ખૂબ જ જરૂરી હોય છે. વ્યક્તિમાં આ વાતની જીદ ન હોવી જોઈએ કે તે કોઈ પણ પ્રકારની પરિસ્થિતિને પોતાના હિસાબથી કરી શકે છે. ઘણી વખત ચીજો પોતાને મળતી નથી. એટલે એવી સ્થિતિમાં સમજદારી એ વાતમાં છે કે પોતાનો જીવ બચાવી લેવાય. સાચા સમયની ઓળખ કર્યા પછી તમે જે કામને પરિણામ સુધી પહોંચાડવાનો નિર્ણય કર્યો છે, તેના માટે તમે અને તમારાં સાધન કેટલાં યોગ્ય છે.

## સુવિચાર

- આપણે એટલી શ્રદ્ધા રાખીએ કે, સાચા કામમાં ઈશ્વર આપણી સાથે છે, આપણને મદદ કરશે - **સરદાર પટેલ**
- પ્રીત ત્રણ પ્રકારની હોય છે : એક ભયની, બીજી ગરજની અને ત્રીજી નિ:સ્વાર્થ - **ઓશો**
- ઊંઘતા મૃગને જેમ વાઘ ઉપાડી જાય છે, મૃત્યુ મનુષ્યને તેમ ઓચિંતુ હરી જાય છે - **મહાભારત**
- સદ્બુદ્ધિ એનું નામ કે ક્યારેક પણ વિરોધાભાસ ના લાવે - **આપ્તસૂત્ર**
- દોષ દેખાય તે સંસારની અધિકરણ ક્રિયા અને નિર્દોષ દેખાય તે મોક્ષ ક્રિયા - **ડો. નીરુબહેન અમીન**
- માનપાન અને કીર્તિ એ માણસની મહત્તાના પતનની શરુઆત છે - **અખંડ આનંદ**
- આજનું ઔષધ : દાઝ્યા પછી પડતા સફેદ ડાઘ ઉપર ત્રિફળાની ગોળી પાણીમાં પલાળી પેસ્ટ બનાવી ડાઘા પર લેપ કરવાથી ડાઘ નીકળી જાય છે. **(સંકલન : દીપક વી. આશરા)**

## બોધકથા

સ્વામી અખંડાનંદ એમના એક ભક્તને ત્યાં મુંબઈ રોકાયા હતા. રાતે આઠ વાગ્યે ભગતે રડતાં રડતાં કહ્યું,'મહારાજ મારી દુકાન જે વિસ્તારમાં છે ત્યાં આગ લાગી છે, મને લાગે છે કે મારો બધો માલ બળીને ભસ્મ થઈ જશે. મારું તો સર્વસ્વ ખતમ થઈ જશે. વગેરે... વગેરે...' સ્વામીએ પૂછ્યું, 'તમારી દુકાન અને તેમાં પડેલા માલનો વિમો કરાવેલ છે?'

ભક્તે કહ્યું, 'હજી સાત દિવસ થયા દુકાન નવી લીધે. એટલે વિમો પણ કરાવ્યો નથી.' સ્વામીને પણ ફીકર થઈ કે આ ભગતનો આગને લીધે કપરો કાલ આવ્યો છે અને એને ખૂબ નુકશાન જશે. સ્વામીને પણ ચિંતાને કારણે ઊંઘ ન આવી. સવારે નવ વાગ્યે ભગત બહારથી આવ્યા ત્યારે એકદમ સ્વસ્થ અને પ્રસન્ન હતા. સ્વામીએ પૂછ્યું, 'ભાઈ તમે ગઈકાલે આગ લાગવાના સમાચાર આપ્યા હતા અને અચાનક આપ કેમ રાજી થઈ રહ્યા હોય તેવું લાગે છે?' ભક્તે જવાબમાં કહ્યું, 'એ આગ બીજી બાજુ ફંટાઈ ગઈ હતી. આથી મારી દુકાન તરફ આવી જ નહીં. આથી આપને અત્યારે સમાચાર આપ્યા. હું તો રાત્રે જ સ્થળ સપાસ કરી આવ્યો હતો. અને હાશકારો અનુભવ્યો હતો. 'સ્વામીએ કહ્યું, 'અરે ભલા માણસ, તમે દુ:ખની વાતના સમાચાર મને આપ્યા હતા તો દુકાન બચી ગયાના સમાચાર મને આપવા જોઈતા હતા. ત્યારે આપણને હું ધ્યાનમાં ન આવ્યો?' હું તમારી ચિંતામાં આખી રાત સૂઈ શક્યો નથી. દુ:ખના સમાચાર આપવામાં તમે તીવ્રતા રાખી હતી તો સુખના સમાચાર પણ શીઘ્રતાથી આપ્યા હોત?'

સાર એ છે કે માણસનો જ આ સ્વભાવ છે કે દુ:ખ આવે ત્યારે ઈશ્વરે આ દુ:ખ આપ્યું, પેલું દુ:ખ આપ્યું તેમ કરી રોવાનું અને સુખ આપ્યું હોય તો તે કોઈને ન બતાવવું.

# લવ જેહાદનો ખરડો સમગ્ર જનતાના હિતમાં

**તંત્રીસ્થાનેથી...**

ક્યારેક વિરોધ પક્ષ માત્ર વિરોધ કરવા ખાતર વિરોધ કરીને ખુદ પોતાને જ નુકશાન કરી બેસતો હોય છે. ગુજરાત વિધાનસભામાં લવ જેહાદનો ખરડો લાવનાર ભારતીય જનતા પાર્ટીનો દેખીતો ઉદ્દેશ ભલે હિંદુ બહુમતીને રીઝવવાનો જ હોય, પરંતુ કોંગ્રેસીઓ પણ લવ જેહાદની ઘૃણાસ્પદ પ્રવૃત્તિથી વાકેફ તો છે જ. સમગ્ર પ્રજાના હિતમાં આવો કાયદો આવશ્યક છે, એટલું મનોમન બધા જ સ્વીકારે છે, ખુદ લઘુમતી સમાજ માટે પણ આ કાયદો શાંતિપૂર્ણ સહઅસ્તિત્વ અને સાંપ્રદાયિક સૌહાર્દ માટે જરૂરી હતો. મુઠ્ઠીભર નેગેટિવ તત્ત્વોનાં કુકૃત્યોને કારણે આખો મુસ્લિમ સમાજ વગોવાતો રહ્યો છે અને એક એવી હવા ફેલાવાઈ રહી છે કે આ રીતે હિંદુ યુવતીઓને લલચાવી, ફોસલાવી કે ફસાવીને દેશમાં 'ધર્માંતરણ' મારફત 'રાષ્ટ્રાંતરણ'ની ભૂમિકા ઊભી કરાઈ રહી છે. આ શબ્દો ખરડાની પ્રસ્તુતિ વખતે ખુદ ગૃહરાજયમંત્રીએ વાપરવા પડ્યા તે સૂચક નથી શું? છેલ્લા કેટલાંક વર્ષોથી આ 'લવ જેહાદ' શબ્દ સવિશેષ શહેરી વિસ્તારોમાં વારંવાર સાંભળવા મળે છે. વિશ્વ હિંદુ પરિષદ અને બજરંગ દળ જેવી રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ સાથે સંકલાયેલી સંસ્થાએ આ મુદ્દે સક્રિય થઈને હિંદુ છોકરીઓને ફસાતી બચાવવા મેદાને પડેલી છે. મુગ્ધાવસ્થાનો પ્રેમ એવી લાગણી છે કે જે માતાપિતા, કુટુંબ પરિવાર કે ધર્મ સંપ્રદાયના વાડા તોડીને મહોરે છે. કમનસીબી એ છે કે આવી લાગણી પાછળ મહદંશે પુરુષ પક્ષની વાસના જવાબદાર હોય છે. પ્રેમના ઓઠા હેઠળ લગ્નગ્રંથિથી જોડાઈ ગયા પહેલાં કે પછી યુવતીને જ ધર્માંતરણ કરવા ફરજ પડાતી હોય છે. નામ પણ યુવતીને જ બદલવું પડે છે અને ધર્મ પણ એણે જ બદલવો પડે છે. અકબરે જોધાબાઈ સાથે લગ્ન કર્યા પછી પણ એમની ધાર્મિક આસ્થા પર આંચ નહોતી આવવા દીધી. જોધાબાઈ અકબરના મહેલમાં કૃષ્ણમંદિર પ્રસ્થાપિત કરીને પૂજાપાઠ કરી શકતાં હતા. આજકાલ બનતી ઘટનાઓમાં તો હિંદુ યુવતી સાથે લગ્ન કર્યા પછી મુસ્લિમ યુવક એનું પોત પ્રકાશતો હોવાના કિસ્સા જ સવિશેષ જોવા મળે છે. યુવતી પર દરેક પ્રકારનો ત્રાસ ગુજારાતો હોય છે અને ક્યારેક આવી યુવકી કાં તો આત્મહત્યાનું અંતિમ પગલું ભરી લેતી હોય છે અથવા પડ્યું પાનું નિભાવી લઈ ત્રાસ સહન કરી લેતી હોય છે. ખાડીના દેશોમાં આવી સ્ત્રીઓને વેચી દેવાતી હોવાના કિસ્સા પણ બહાર આવતા રહે છે. ખુદ કોંગ્રેસના જ કેરળના પૂર્વ મુખ્યમંત્રી આવા 'લવ જેહાદ'ના કિસ્સાઓ ફક્ત હિંદુ સ્ત્રીઓ સાથે નહીં બલકે ખ્રિસ્તી યુવતીઓ સાથે પણ બન્યા હોવાનું સ્વીકારે છે. ગુજરાતે અન્ય કેટલાંક રાજયોમાં 'લવ જેહાદ' ને અટકાવવા કડક કાયદા પસાર થયા પછી આ પગલું ભર્યું છે. ફસામણીના કિસ્સા સવિશેષ આર્થિક રીતે નબળા વર્ગોની યુવતીઓ સાથે બનતા હોઈ સુધારેલા કાયદામાં આવા વર્ગો તથા સગીર વયની દીકરીઓને ફસાવવા બદલ વધુ કડક જેલવાસ અને દંડની જોગવાઈ કરાઈ છે તે યોગ્ય જ છે. લાચાર યુવતી ફરિયાદ ન કરી શકતી હોય તો એનાં સગાંસંબંધી પણ ફરિયાદ કરી શકે એવી જોગવાઈથી અગાઉ ૨૦૧૩માં બનેલો કાયદો વધુ મજબૂત અને પરિણામલક્ષી બન્યો છે. 'જેહાદ' તો ખૂબ જ પવિત્ર શબ્દ છે : એનો અર્થ થાય છે ધર્મયુદ્ધ, 'ક્રુઝેડ'. પરંતુ પ્રેમનાં સુવાળાં અંચળા હેઠળ છેતરપીંડી કરી ધર્માંતરણ કરાવવા જેવું ષડ્યંત્ર રચાતું હોય ત્યારે સરકાર કે સમાજ ચૂપ ન રહી શકે. મુસ્લિમ યુવતી કોઈ હિંદુ યુવાન દ્વારા ફસાવાઈ હોય તો એને પણ આ કાયદાથી રક્ષણ મળશે. ઈમરાન ખેડાવાલા બધું જ સમજતા હશે, છતાં બિલ ફાડીને વિરોધ નોંધાવ્યો અને કોંગ્રેસના આગેવાનોને ઢંગધડા વગરની દલીલો કરી કરવા ખાતર વિરોધ કર્યો તે વિપક્ષની કમનસીબ કરુણતા છે!

# CRP, D-Dimer, Pro-BNP, Ferritin અને CBC ટેસ્ટથી કોરોનાના ટેસ્ટ વગર કોરોના સાબિત થઈ શકે?

## કોઈ પણ ટેસ્ટ કરાવ્યા વગર કોરોના છે કે નહીં એ ખબર પડી શકે?



તન દુરસ્તી

મહેન્દ્ર ગજ્જર

ચારેબાજુ કોરોના ઘરે ઘરમાં પોતાની પૂંછડી ચોટાડીને ભલાભલા માણસોને હેરાન કરી રહ્યો છે.

કોઈને કઈ સમજાતું નથી કે શું કરવું. સરકાર, મેડિકલ જગત અને માનવજાતનું શું કરવું ખબર પડતી નથી. જે જોઈ શકાતું નથી એવો વાયરસ આખી દુનિયાને હલાવી રહ્યો છે. ચંદ્ર અને મંગળ ઉપર જનારા આપણે સમુદ્રમાં નગરો બનાવવા આપણે ન દેખાતા એવા વાઈરસએ સમગ્ર માનવજાતને હચમચાવી મૂકી છે. શરુઆતમાં એવું લાગતું હતું કે આ થોડાક જ મહિનાનો ખેલ છે આપણે થોડાક જ મહિનામાં કોરોના પર વિજય પ્રાપ્ત કરી શકીશું. એવું બન્યું પણ ખરું....

ભારત એક એવો દેશ હતો જેણે કોરોનાને લગભગ નિયંત્રણ કર્યો હતો. પણ કેમ, અચાનક આખા ભારત દેશમાં અને અમુક રાજયોમાં સામેલાની જેમ... આમાં કોનો વાંક ? બેફામ લગ્નોનો, ક્રિકેટ મેચ, ચૂંટણીઓ કે લોકોની વધારે પડતી બેદરકારી.... એમાં પડવું નથી. અગત્યની વાત એ છે કે અત્યારે બેફામ કોરોના દેખાઈ રહ્યો છે બધીજ સરકારી કેમજ કોવિદ હોસ્પિટલ ફુલ થઈ ગઈ છે. ડૉકટરો અને સરકાર પોતપોતાની રીતે સખત પરિશ્રમ કરી રહી છે. છતાં પણ કોરોના કંટ્રોલમાં આવવાનું નામ નથી લેતો.

કોરોનાનું નિદાન સરકાર જે એન્ટીજન એટલે કે રેપિડ દ્વારા કરે છે અને સરકાર અને પ્રાઈવેટ લેબોરેટરી RT-PCR થી કોરોનાનું નિદાન કરે છે. સામાન્ય રીતે રેપિડ પદ્ધતિથી અડધા જ કલાકમાં કોરોના છેકે નહીં તેનું નિદાન કરી આપે છે. જેની સેન્સીટીવીટી ૫૦ ટકા છે. એટલે કે ૧૦૦ કોરોનાના દર્દી જો પોઝીટીવ હોય તો તેમાંથી રેપીડ અથવા કાર્ડ પદ્ધતિથી ૫૦ ટકાને પોઝીટીવ આવે. હવે વાત રહી RT-PCRની. RT-PCR ની સેન્સીટીવીટી ૭૦ ટકા છે. એટલે કે ૧૦૦ કોરોના દર્દીમાંથી ૭૦ ને પોઝીટીવ આવે. તો પ્રશ્ન એ થાય કે જે લોકોને ખોટા નેગેટિવ આવ્યા છે એનું શું ? એવા દર્દીઓને કે જેને ક્લિનકલી કોરોના લાગે છે અથવા તકલીફ ચાલુ છે એવા લોકોએ ફરી રેપિટ એન્ટિજન અથવા તો RT-PCR ફરી કરી લેવો જોઈએ. સવાલ થાય કે ફરી ક્યારે કરાવવો. તો એનો જવાબ એવો હોઈ શકે કે ૨૪ કલાકની અંદર ફરી ટેસ્ટ કરાવવી લેવો જોઈએ. એમ છતાં ડૉકટર અને દર્દીને કોરોના લાગે છે છતાં પણ ટેસ્ટ નેગેટિવ આવે તો શું કરવું. આવા દર્દીને CT-Scan ફેફસાનું કરાવી લેવું જોઈએ. જો કોરોના પોઝીટીવ હશે તો ફેફસામાં ન્યુમોનિયાની અસર જોવા મળશે.પણ એવું દરેકમાં થતું નથી. ફેફસામાં ન્યુમોનિયા થવાના કારણ હોય છે. કોરોના સિવાયના દર્દીમાં પણ ન્યુમોનિયા થઈ શકે. પણ જો રેડિયોલોજીસ્ટ હોંશિયાર હોય તો કોરોનાનો ન્યુમોનિયા અનુભવથી કહી શકે છે.

આ બધું જ નેગેટિવ હોય છતાં પણ દર્દીને ન્યુમોનિયા હોય તો CBC, ESR નામનો ટેસ્ટ લેબમાં કરાવવાથી આપણને ઘણી બધી સમજણ પડશે. એવી જ રીતે રેપીડ ટેસ્ટ, RT-PCR ટેસ્ટ, CT-SCAN બધું જ નોર્મલ હોય તો છતાં પણ કોરોના જેવું લાગે છે. તો લોહીના ટેસ્ટમાંથી કંઈક નિદાન થઈ શકે. જેમાં CBC, CRP, D-Dimer, Ferritin, Pro-BNP વગેરે ટેસ્ટ કરાવતા કોરોના વિશે જાણકારી મળી શકે છે. અત્યારે બધી જ સરકારી હોસ્પિટલ, પ્રાઈવેટ હોસ્પિટલમાં જગ્યા નથી ત્યારે કોરોનાનો રિપોર્ટ ૩-૪ કલાકમાં થાય એ રિપોર્ટને ૨૪ કલાક કહેવામાં આવે છે. ૨૪ કલાક કરતાં પણ વધારે સમય લાગે છે. ત્યારે લોહીના રિપોર્ટમાં CBC, CRP, D-Dimer કરી જો નોર્મલ આવે તો ૮૦ ટકા કેસમાં રાહત થાય છે. માટે તાવ કે અથવા કોરોનાની શક્યતા હોય ત્યારે CBC, CRP, D-Dimer બચાવી શકે છે અને જે લોકોને કોરોના પોઝીટીવ હોય તો પણ CBC, CRP, D-Dimer, Ferritin, Pro-BNP ત્રણ ત્રણ દિવસ કરાવતા રહેવું જોઈએ. કોરોનાનો ખેલ માત્ર ૧૪ દિવસનો છે. ૧૪ દિવસ પછી તમે કોરોના મુક્ત થઈ જાવ છો.

# જનજનના દુ:ખમાં ભાગીદાર : સર પ્રભાશંકર પટ્ટણી



ક્ષણના ચણીબોર

વી. એસ. ગઢવી

શાસનતંત્રના એક ભાગ તરીકે કોઈ જવાબદાર અધિકારીનું વલણ કેવું હોવું જોઈએ તેનું એક ઉત્તમ ઉદાહરણ ભાવનગર રાજ્યના ભૂતપૂર્વ દીવાન સર પ્રભાશંકર પટ્ટણીએ પૂરું પાડેલું છે. આજે પણ આ વાત તથા સંદર્ભ સરખાજ ઉપયોગી તેમજ માર્ગદર્શક છે. વાત કંઈક આમ બનવા પામી હતી :

"જે સમયમાં બેંકો ન હતી તેવા સમયમાં દરેક મહાલમાં (તાલુકામાં) જે વહીવટદાર (મામલતદાર) હોય તેની હસ્તક તથા તેની કચેરી દ્વારા બેંકનું કામકાજ થતું હતું. આવા વહીવટદારોને લોકો થાણદાર તરીકે પણ ઓળખતા હતા. હિમ્મતલાલ ભાર્ગવ નામના તે સમયના એક વહીવટદારે મુકુન્દરાય પારાશર્યને કરેલી જાત અનુભવની વાત પ્રમાણે તેમની કચેરીમાં એક વૃધ્ધા બેંકને સંબંધિત કામ માટે આવે છે. તે વૃધ્ધા તેના ખાતામાંથી પાંચ રૂપિયા ઉપાડવા માંગતી હતી. પૈસા તો તેના બચતખાતામાં જમા હતાજ. તેની પાસબુક પણ તેની પાસે હતી. વહીવટદાર કહે છે કે કદાચ કામના ભારણને કારણે તેમણે વૃધ્ધાને કહ્યું : પાંચ જ રૂપિયા શા માટે ઉપાડો છો ? મારો સમય નાહક બગડે છે. અહીં મારે કામના કારણે મરવાનો પણ સમય નથી." વૃધ્ધા વીલે મોઢે પાછા ગયા. પોતાના પૈસા જે જમા હતા તે ન મળ્યા તેની ખિન્નતા તેમણે અનુભવી. પરંતુ સત્તા આગળ શાણપણ પણ નકામું છે. આ ઘટના પૂરી થયાને ત્રણેક મહિના થયા ત્યારબાદ એક દિવસ સર પટ્ટણી મહાલની કચેરીની મુલાકાતે આવે છે તેવો સંદેશો મળ્યો. રાજ્યના આવા ઉચ્ચ અધિકારી તથા પ્રતિભા સંપન્ન પટ્ટણી સાહેબની મુલાકાત માટેની તૈયારી મહાલ કચેરીએ કરી. સર પટ્ટણી નિર્ધારીત દિવસે કચેરીમાં આવી પહોંચ્યા. પટ્ટણી સાહેબે કચેરીમાં બેસીને પેલી વૃધ્ધા જેને વહીવટદારે જતા રહેવાનું કહ્યું હતું તેની પાસબુક તેમજ પાંચ રૂપિયા ઉપાડવાનું ફોર્મ વહીવટદારના હાથમાં આપ્યું અને શાંતિથી પૂછ્યું : "આ માજીના કેસની શું હકીકત છે ?" વહીવટદારને વૃધ્ધાની ઘટના યાદ આવી ગઈ. થોડા સંકોચ સાથે તેમણે પટ્ટણી સાહેબને કહ્યું : "મને કામમાં ખલેલ પડતી હતી તેથી આ વૃધ્ધાને હું તેના હક્કનાનાણાં આપી શક્યો ન હતો." પટ્ટણી સાહેબ ધીરાં છતાં મક્કમ સ્વરે વહીવટદારને કહે છે : "કામ વધારે રહેતું હોય તો દરબાર સાહેબને અરજ કરી વધારે સ્ટાફ માંગી શકાય. આપણી પાસે કામ હોય તેમાં અરજદારનો વાંક નથી. જેમ આપણે કામ હોય તેમ અરજદારને પણ કામ તો હોયજ. અરજદાર ગરીબ હોય કે તવંગર – તેમના થકી તથા તેમના માટે રાજ્ય છે. પ્રજાનો સંતોષ એ રાજ્યની ફરજ છે. વૃધ્ધા સાથે જે થયું તે ઉચિત નથી." ઝોખી તોળીને બોલાયેલો એક એક શબ્દ વહીવટદારના દિલમાં કોતરાતો જાય છે. વાતનું સમાપન કરતાં સર પટ્ટણી જે વાત કરે છે તે અસાધારણ છે. તેઓ કહે છે : "અરજદાર સાથે તમે રાજ્ય વતી વ્યવહાર કરો છો. વ્યક્તિગત રીતે નહિ. આથી આ ગરીબ વૃધ્ધાને તમે નહિ પરંતુ મેં તથા દરબારશ્રીએ પણ ધક્કો માર્યો છે તેમ ગણાય" આટલું કહીને સર પટ્ટણી શાંત થયા. મૌન રહ્યા. કદાચ કોઈ ઊંડી વેદના અનુભવી રહ્યા. ઉપાડની માંગણી કરનાર વૃધ્ધાને ભાવનગરથીજ સર પટ્ટણીનો સંદેશો મળ્યો હતો તેથી તે વહીવટદારના રૂમની બહારજ બેઠા હતા. તેને બોલાવી તેના ઉપાડની રકમ પ્રથમ ચૂકવી આપવા સાહેબે વહીવટદારને જણાવ્યું. બાઈનું કામ પૂરું થયું ત્યાં સુધી સર પટ્ટણી બેસી રહ્યા. મહાલકારીની વિનંતીથી પેલી વૃધ્ધા પોતાની રકમ લઈને બહાર બેસી રહી હતી. સાહેબની વિદાય પછી વહીવટદારે વૃધ્ધાને પૂછ્યું : "તમે મારી ફરિયાદ રાજ્યમાં કરી હતી ?" વૃધ્ધા કહે : "મને ફરિયાદ કરવાનો કોઈ વિચારજ આવ્યો ન હતો. પૈસાની જરૂર હોવાથી મારા ગામના શિક્ષકે સમસ્યાના ઉકેલ માટે ભાવનગર પટ્ટણી સાહેબ ઉપર એક પત્ર લખી આપ્યો. મારા કેસની વિગત તેમાં જણાવી હતી. પત્ર લખ્યા પછી રાજ્ય તરફથી પચીસ રૂપિયા મને મોકલવામાં આવ્યા. આજે અહીં હાજર રહેવા જણાવ્યું. આથી પાસબુક સાથે હું હાજર રહી. તેઓએ આવીને મને જોઈ. બેસવા માટે કહ્યું. બાપુજી (સર પટ્ટણી) સાથે એક માણસ હતો તેણે કહ્યું કે આ સો રૂપિયા સર પટ્ટણીએ તમને આપેલા છે. સંકોચ સાથે મેં પૈસાનો સ્વીકાર કર્યો અને મનોમન આ ગરીબોના બેલીને નમન કરતી રહી. આટલીજ મારી હકીકત છે."

જે રાજ્યતંત્ર પ્રજાને જવાબદાર હોય તેમજ લોકો તરફ સંવેદનશીલ હોય તેજ ખરા અર્થમાં "રામરાજ્ય" છે તેમ કહેવામાં અતિશયોક્તિ નથી. એક નાના એવા પ્રસંગમાં પણ રાજ્યના સૌથી વરિષ્ઠ મહાનુભાવે જે દાખલો બેસાડ્યો તે રાજ્યના તમામ અમલદારો માટે પ્રેરક તેમજ દિશાદર્શક હતો. રાજ્યની ઉદારતા, ગરીમા તેમજ સંવેદનશીલતાનો સુમેળ તેમાં જોઈ શકાય છે. સંવેદનશીલ રાજ્યકર્તા સર પટ્ટણીએ લખ્યું છે :

જનમન અંદર પેસી શકીને
દુ:ખમાં ભાગિયો થાઉં,
બની શકે તો શાંતિ કરુ
નૈ તો અશ્રુએ એને ન્હાઉં,
બતાવો ઉપાય કોઈ એવો
દુ:ખે બનું ભાગિયો એવો.

ઈ.સ. ૧૮૬૨ના એપ્રિલની ૧૫મી તારીખ તથા ચૈત્રી પૂનમના દિવસે આ ઋષિતુલ્ય મનિષિનો જન્મ થયો હતો. ચૈત્રી પૂનમના પ્રકાશ જેવુંજ ધવલ તથા ઉજ્વળ જીવન જીવી જનાર સર પટ્ટણીની સ્મૃતિ એપ્રિલ માસમાં તેમની જન્મજયંતિ પ્રસંગે વિશેષ થાય તે સ્વાભાવિક છે.

# શિક્ષક મહાત્મા ગાંધીના કેળવણી વિષયક વિચાર



ગાંધી ૧૦૦

ડૉ. રાજેન્દ્ર જાની

આપણી આધુનિક કેળવણી રાષ્ટ્રીય નથી. તેથી પ્રજાને જે લાભ મળવો જોઈએ તે મળતો નથી.આપણા બાળકો કેળવણી લે તો ચીમળાઈ જાય છે તેઓ પુરુષાર્થહીન બને છે. તેઓને મળેલા જ્ઞાનનો ફેલાવો જનસમાજમાં નથી થતો, તેઓના કુટુંબમાં પણ નથી થતો. આધુનિક કેળવણીનો ઉદ્દેશ પણ યુવક વર્ગને મન તો કેવળ નોકરી મેળવી આર્થિક સ્થિતિ વધારવાનો હોય છે.

ઉપરના ફકરામાં લખાયેલા શબ્દો મહાત્મા ગાંધીના છે અને એ પણ ૧૦૦ વર્ષ પહેલાના. ગાંધીજીના સ્વ હસ્તાક્ષરમાં આ પત્ર ૧૮ જાન્યુઆરી, ૧૯૧૭માં લખાયેલો છે ગાંધીજીની આ વાતો આજે પણ એટલી જ સાચી છે. આઝાદી પછી આટલા વર્ષેય આપણે શિક્ષણ થકી સમાજ પરિવર્તન આપણે મેળવી શક્યા નથી. શિક્ષણ થકી મળેલા જ્ઞાનનો ફેલાવો જનસમાજ સુધી આપણે વિસ્તારી શક્યા નથી.

આજે એવી સ્થિતિ છે કે શિક્ષણ માત્ર ને માત્ર નોકરી મેળવવા માટેનો એક વિકલ્પ હોય એવું વાતાવરણ વિસકસી રહ્યું છે. રોજગાર ક્ષમતા અને રોજગાર ક્ષેત્ર- આ બે મુદ્દાને ધ્યાનમાં લઈને શિક્ષણ મેળવવાની ઘેલછા અત્યારે વ્યાપક બની છે.દર વર્ષે પ્રથમ વર્ષમાં કૉલેજમાં પ્રવેશ મેળવતા ૧૦૦ માંથી ૯૯ યુવાનના જવાબમાં ગ્રેજ્યુએટ બનીને નોકરી મેળવવાનો જ રસ્તો હોવાનું માને છે. ગાંધીએ સ્પષ્ટ કહ્યું છે કે 'કેળવણીની ઘટના જનસમાજની હાજતોને ઉદ્દેશીને હોવી જોઈએ એ કેળવણીનું સૂત્ર છે. આપણી શિક્ષણ સંસ્થાઓમાં આ વિચારને સ્થાન જ અપાયું નથી એવી સ્થિતિ છે' પણ ગાંધી આવી સ્થિતિને કોસતા રહીને બેસી ના રહેતા તેઓ તેમના વિચાર અને વિચારને પ્રયોજીને સારા પરિણામ મેળવવા સક્રીય બનતા હતા.ખૂટતી બાબતો જોડવા માટેના પ્રયાસો પણ પ્રયોજતા. સત્યના આ પ્રયોગવીરે શિક્ષણમાં બદલાવ આણીને પ્રજામતને કેળવવાનો સીધો રસ્તો જોયો, 'રાષ્ટ્રીય નિશાળ ખોલવામાં.લ્ર

રાષ્ટ્રીય નિશાળમાં ભણતર કેવું હશે એની માર્ગદર્શક ભૂમિકા બાંધતા ગાંધી કહે છે કે મુખ્ય શિક્ષણ શારીરિક, માનસિક અને ધાર્મિક આપવામાં આવશે. શારીરિક શિક્ષણમાં ખેતીવાડીનું, વણાટનું કામ શીખવવામાં આવશે. સુથાર, લુહાર ઈત્યાદિના હથિયારોનો ઉપયોગ શીખવવામાં આવશે.

ગાંધી સુથારી-લુહારી કામ રમૂજ ન થાય તે રીતે કેમ શીખી શકાય? (પર્સનાલિટી ડેવલપમેન્ટ) અકસ્માત થાય કે આગ લાગે ત્યારે ચૂપકીદીથી (ડિઝાસ્ટર મેનેજમેન્ટ) કેમ કામ કરવું, આરોગ્ય સાચવણી સાથે ઘરઘથ્થુ ઈલાજો (નર્સિંગ) શીખવવાનું અને શરીરના અવયવોનું (ગાંધીએ જાતિય શિક્ષણ એવો શબ્દો વાપર્યા વગર કહ્યું છે) અને ઝાડપાનનું (પર્યાવરણ) શિક્ષણ અપાશે એમ નોંધ્યું છે.

રાષ્ટ્રીય શાળાના શિક્ષણ વિશે વધુ તેઓ કહે છે વિદ્યાર્થીઓના માનસિક શિક્ષણમાં ગુજરાતી, મરાઠી, હિંદી અને સંસ્કૃત ફરજિયાત શીખવવામાં આવશે. વાલી તરીકે આજના સમયે આપણે ભલે આપણા સંતાનોને ગાડરિયા પ્રવાહમાં અંગ્રેજી માધ્યમમાં ભણાવવા માટે ઘેલા હોઈએ પણ ગાંધી એ સ્પષ્ટ કર્યું હતું. 'રાષ્ટ્રીય શાળામાં પહેલા ત્રણ વર્ષ ઈંગ્રેજી શીખવવામાં નહીં આવે.' માનસિક

**આપણું તો આપણે ભૂલી જઈએ ને બીજાનું સંભાળતાં શાનું આવડે? બાપુનો પ્રશ્ન**

શિક્ષણની પ્રક્રિયામાં વિદ્યાર્થીઓનો માનસિક વિકાસ અટવાય નહીં એ આશયે ત્રણ વર્ષ ઈંગ્રેજીને ભણતરમાંથી તિલાંજલિ આપવો જરુરી તેમને જરુર જણાઈ હશે.

આ ઉપરાંત ગણિતશાસ્ત્રમાં અંકગણિત, બીજ ગણિત તથા ભૂમિતિ, દેશી હિસાબ, નામું, ચાલુ તોલ, ઈતિહાસ, ભૂગોળ અને ખગોળવિદ્યાના મુળતત્ત્વો, રસાયણ શાસ્ત્રની પાયાની બાબતો તથા શિક્ષણમાં સામાન્ય ધર્મના તત્વો શીખવવાનો સમાવેશ કરવામાં આવશે એમ 'ભાર વગરનું ભણતર' એવા કોઈ સૂત્રાત્મક વાક્ય વિશેષણ વગર સરળ ભણતર થકી શ્રેષ્ઠ ગણતરનો ઈલાજ તેમણે રાષ્ટ્રીય શાળા થકી દર્શાવ્યો હતો.

આ શાળામાં દર વર્ષે શિક્ષણ લેનારનું જ્ઞાન લગભગ સારા ગ્રેજ્યુએટ જેટલું હશે એવી આશા વ્યક્ત કરતા તેઓ તર્ક રજૂ કરે છે કે વિદ્યાર્થીની ઉપર ઈંગ્રેજી શીખવાનો બોજો ઓછો રહેશે એટલે બચતા સમયમાં જે ઉપયોગી જ્ઞાન ગ્રેજ્યુએટને મળે છે તે તેમાં અપાઈ જશે. પરિક્ષા ભયમાંથી વિદ્યાર્થીને મુક્ત કરવામાં આવશે. દરેક વિદ્યાર્થીની તપાસ થતી રહેશે પણ તે શાળાના જ શિક્ષકો મારફતે. (Only Internal Exams!) એમ આજના વર્તમાનનો સંદર્ભે નોંધવું પડે.)

ગાંધીની શિક્ષક વિશેની વાત એક જ વાક્યમાં સમાઈ જાય છે. ગાંધીએ કહ્યું છે - 'શિક્ષકમાં ઝવેરાત હશે તો શિક્ષણનો યાંત્રિક ભાગ છે એ તો સહુને મળી રહેશે.' અને વિદ્યાર્થી જયારે શાળામાંથી બહાર નીકળે ત્યારે તેની શક્તિનો વહેવારમાં ઉપયોગ કરે એ જ તેના શિક્ષકનું ખરું માપ ગણાશે. નોકરીએ વિદ્યા શીખવાનો હેતુ છે એ વહેમ દરેક પ્રસંગે દૂર કરવાં આવશે. આવા શિક્ષણ થકી વિદ્યાર્થીને થોડાં જ વર્ષોમાં એવો જુસ્સો આવવાનો સંભવ છે કે તેને પોતાની આજીવિકાને વિષે શંકા કે ભય નહીં રહે. આ શાળામાં ફી નહીં લેવામાં આવે એવી મહત્ત્વની વાત કરતાં મહાત્મા ગાંધીની વાતમાં આજના શિક્ષણ થકી નોકરી મળશે? એવા વાલીઓ, સરકાર અને ખુદ વિદ્યાર્થીઓને મૂંઝવનારા પ્રશ્નના ઉકેલની વાત પણ આવી જાય છે.

કેળવણીના વિચારમાં ગાંધીજીએ શિક્ષણના કેન્દ્રમાં છે એવા વિદ્યાર્થીઓનો પણ વિચાર કર્યો છે એમ સ્પષ્ટ કહી શકાય એવો ઉલ્લેખ તેમના જ એક પત્રમાં મળે છેઃ વૈશાખ વદ અગિયાર,૧૭ મે, ૧૯૧૭ના બેતિયા, બિહારથી ગાંધીજી તેમના સાથી નરહરિ પરીખને જે પત્ર લખે છે તેમાં શિક્ષણ વિશે વિચાર રજૂ કરતાં જોવા મળે છે. પરીખને ગોપાલકૃષ્ણ ગોખલેના ભાષણોનો તરજુમો અને શિક્ષણ બંને કામ સોંપાયા હતા આને ધ્યાનમાં લેતા તેઓ કહે છે, શિક્ષણ અને ભાષણોમાં ભાષાંતર આ બંને કામનો બોજો તમારાથી ઉપાડાય એ બાબતે મને શંકા છે. પત્રની શરુઆતમાં બે લીટી પછી સીધો જ શિક્ષણ સંબંધે પોતાનો સ્પષ્ટ અભિપ્રાય આપતા તેઓ કહે છે કે શિક્ષણ વિષે મારા વિચારો બહુ આકરા છે. આપણે શિષ્યોમાં જો આપણો આત્મા રેડવા ઈચ્છીએ તો તેઓને શિક્ષણનું જ મનન નિરંતર કરવું જોઈએ.

શિક્ષક અને વિદ્યાર્થીને ગુરુ-શિષ્યના રુપે જ જોતાં ગાંધી વિદ્યાર્થીઓ ઉપર રોષ ન કરીએ, એવી શિખ આપતા કહે છે, આપણું તેઓને, (શિક્ષકે વિદ્યાર્થીને) સારામાં સારી ભાષામાં, જે આપવાનું હોય તે દિન પ્રતિધિન આપીએ તેમાં આપણો બધો કાળ ચાલ્યો જાય. શિક્ષક પોતાની જાત નિચોવીને પોતાના વિદ્યાર્થીઓને શિક્ષણથી તરબતર કરે અને એમાં જ શિક્ષકનો સંપૂર્ણ સમય જવો જોઈએ. એ સમયે પણ શિક્ષણ પદ્ધતિ બદલવાના વિચારો ફેલાયા હતા. એ વિચારોનો પડઘો પાડતાં ગાંધી પત્રમાં લખે છે : "આપણે હમણાં તો પદ્ધતિનો પણ વિચાર કરવાનો રહ્યો. નવી રીતે જ બધું આપવાનું." ને પાછા નોંધે છે કે 'આ તો હું તમારીને બધા શિક્ષકોની ભવિષ્યની જવાબદારીને અંગે લખી નાખું છું.'

કેન્દ્ર સરકારે નવી શિક્ષણ નીતિ ૨૦૨૦ સ્વીકારી છે. આપણા દેશમાં છેલ્લે ૧૯૮૬માં શિક્ષણ નીતિ આવી હતી. એ પછી લગભગ સાડા ત્રણ દાયકા બાદ નવી શિક્ષણ નીતિ અસ્તિત્વમાં આવી છે. આજે વાત સમગ્રતયા નવી શિક્ષણ નીતિની કરવી નથી પણ એમાં સુચવાયેલા એક સૂચનને ગાંધી વિચારના સંદર્ભમાં જોઈશું.

માતૃભાષામાં કેળવણી સંદર્ભે બાપુના વિચારો સ્પષ્ટ હતા. એટલું જ નહિં આ વિચારમાં અન્ય ભાષાના લોકો પણ તેમની માતૃભાષાનો કેળવણી સહિતનો ઉપયોગ કરે એવો અભિગમ રહેતો. એટલે માતૃભાષા પોતાની શ્રેષ્ઠ છે એવું નિ:શંક પણે તેઓ માન્ય કરતાં હતા. આનું એક દૃષ્ટાંત વાંચવા અને જાણવા જેવું છેઃ '૧૨મી ઓગસ્ટ ૧૯૧૧માં દક્ષિણ આફ્રિકાના જનરલ હરગોઝે તત્કાલીન શિક્ષણ પદ્ધતિની ટીકા કરી હતી. ગોખણપટ્ટી અને પરીક્ષા પદ્ધતિ પર આધારિત શિક્ષણ વ્યવસ્થા પર તડી વરસાવતા જનરલશ્રીએ સાચી કેળવણી માટે ચારિત્ર્ય ઘડતર અને માતૃભાષા પર ભાર મૂક્યો હતો. જનરલ હરગોઝના ભાષણનો આધાર લઈને ફ્રુમહાત્મા ગાંધીએ ઈન્ડિયન ઓપિનિયનના તા. ૧૯ ઓગસ્ટ ૧૯૧૧માં નોંધ લખી હતી કે ઈંગ્રેજીમાં શિક્ષણ લે તો વિદ્યાર્થી પોતાના મા-બાપ પ્રત્યેનું માન ભૂલી જાય. વળી તે છોકરાઓ પોતાની પ્રજા પણ ભૂલે અને માત્ર જે પરભાષા શીખે તે ભાષાના માણસોની નકલ કરે. આ વિચાર હિંદીઓને વધારે લાગુ પડે છે.'

અનુસંધાન પાના નં. ૭ પર